# 1990માં કોંગ્રેસને 30 ટકા મત મળ્યા હતા, પણ આ વખતે સૌથી ખરાબ માત્ર 27.3 ટકા જ મત મળ્યા



સુરતઃ આ વખતની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસે તેનું અત્યાર સુધીનું સૌથી વધુ ખરાબ કહી શકાય તેવું પરફોર્મન્સ આપ્યું છે. એક સમય હતો કે જ્યારે આઝાદી બાદ કોંગ્રેસનો જ સૂર્ય મધ્યાહને તપતો હતો, પરંતુ સમય બદલાયો અને કોંગ્રેસની હાલત ખરાબ થતી ગઈ. ગુજરાતની રચના બાદ છેક 1990 સુધીના 30 વર્ષ કોંગ્રેસની ગુજરાતમાં સરકાર રહી હતી પરંતુ 1990માં ભાજપ અને જનતાદળ ગઠબંધન કરીને લડ્યા અને કોંગ્રેસના ત્યારસુધીનું સૌથી ખરાબ પરફોર્મન્સ જોવા મળ્યું. તે સમયે કોંગ્રેસને 30.74 ટકા મત અને માત્ર 33 જ બેઠક મળી હતી. પરંતુ ત્યારબાદ કોંગ્રેસનું પરફોર્મન્સ સુધર્યું હતું. પરંતુ 2002માં આપની એન્ટ્રી અને સાથે સાથે મોદી મેજિકને કારણે કોંગ્રેસની હાલત સૌથી વધુ ખરાબ જોવા મળી હતી. કોંગ્રેસનો વોટશેર પણ ઓલટાઈમ લો કહી શકાય તેટલો 27.3 ટકા રહ્યો હતો. જ્યારે બેઠકો માત્ર 17 જ આવી હતી.

| | | | |
|---|---|---|---|
| 1990 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 67 | 26.69 |
| | જનતાદ | 70 | 29.36 |
| | કોંગ્રેસ | 33 | 30.74 |
| 1995 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 121 | 42.51 |
| | કોંગ્રેસ | 45 | 32.86 |
| 1998 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 117 | 44.81 |
| | કોંગ્રેસ | 53 | 34.85 |
| 2002 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 127 | 49.85 |
| | કોંગ્રેસ | 51 | 39.28 |
| 2007 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 117 | 49.12 |
| | કોંગ્રેસ | 59 | 38.00 |
| 2012 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 115 | 47.85 |
| | કોંગ્રેસ | 61 | 38.93 |
| 2017 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 99 | 49.05 |
| | કોંગ્રેસ | 77 | 41.44 |
| 2022 | પક્ષ | સીટ | મતોની ટકાવારી |
| | ભાજપ | 156 | 52.50 |
| | કોંગ્રેસ | 17 | 27.3 |
| | આપ | 5 | 12.9 |




■ ગુજરાતમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. 2002માં ભાજપે સૌથી વધુ વિધાનસભાની 127 બેઠક પર વિજય મેળવ્યો હતો. જ્યારે હાલમાં 156 બેઠક જીતી છે.

# સપાનું ખાતું ખૂલ્યું, કુતિયાણાની બેઠક ઉપર કાંધલ જાડેજા જિત્યા

ગાંધીનગરઃ પોરબંદર જિલ્લાની કુતિયાણા બેઠક ઉપર કાંધલ જાડેજાનો વર્ચસ્વ હજુ પણ યથાવત જોવા મળી રહ્યું છે. 2022ની વિધાનસભાની ચૂંટણીમાં કાંધલ જાડેજા સમાજવાદી પાર્ટીમાં જોડાયા અને વિધાનસભાની ચૂંટણીમાં તેમનો ભવ્ય વિજય થયો છે. આમ ગુજરાત વિધાનસભામાં સમાજવાદી પાર્ટીએ ખાતું ખોલ્યું છે. પોરબંદર જિલ્લાની કુતિયાણા બેઠક ઉપરથી અગાઉ એનસીપીમાંથી કાંધલ જાડેજાએ જીત મેળવી હતી. આ વખતે કોંગ્રેસ સાથેના ગઠબંધન થતાં કુતિયાણાની બેઠક કોગ્રેસની પાસે જ હોવાથી એનસીપીએ કાંધલ જાડેજાને ટિકિટ આપી ન હતી. આથી કાંધલ જાડેજાએ એનસીપીમાંથી રાજીનામું આપી સમાજમાંથી પાર્ટીમાં જોડાયા હતા. ત્યાર બાદ સમાજવાદી પાર્ટીમાંથી કુતિયાણા બેઠક પરથી ઉમેદવારી કરી વિજય બન્યા છે. આમ ગુજરાત વિધાસભામાં સમાજવાદી પાર્ટીનું ખાતું ખુલ્યું છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે 1990માં સંતોકબેન જાડેજા અપક્ષ તરીકે ચૂંટણી લડી ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ કાંધલ જાડેજાએ આ બેઠક ઉપર જાળવી રાખી છે.

# આપના જાણીતા ચહેરા ઈશુદાન અને ગોપાલ હારી ગયા અને સામાન્ય ઉમેદવારો જીતી ગયા

**ચૂંટણી** પહેલા જ આપમાં જોડાયેલા અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવીયા પણ હારી ગયા

**આપના** સુરત શહેરના પ્રમુખ મહેન્દ્ર નાવડિયા અને પ્રદેશના સંગઠન મંત્રી મનોજ સોરઠિયાએ પણ હારનું મોઢું જોવું પડ્યું


અલ્પેશ કથીરિયા


ઈશુદાન ગઢવી


ગોપાલ ઈટાલિયા

સુરતઃ જ્યારે ગુજરાતની ચૂંટણી શરૂ થઈ ત્યારે આપના સંયોજક અરવિંદ કેજરીવાલે કાગળમાં લખીને આપ્યું હતું કે, ગુજરાતમાં આપની સરકાર બનશે પરંતુ આજે આવેલા પરિણામોમાં આપની સરકાર બનવાની વાત દૂર રહી, એક્ઝિટ પોલની અપેક્ષા જેટલી બેઠકો પણ આપની આવી નથી. આપની માત્ર 5 જ બેઠક આવી છે અને તેમાં પણ આપના જે મોટા માથા મનાતા હતા તે તમામ હારી ગયા. જ્યારે જે ઉમેદવારો ઓછા જાણીતા હતા તેવા આપના ઉમેદવારો જીતી ગયા હતા.

આપના જે ઉમેદવારો હારી ગયા તેમાં મુખ્યમંત્રીપદનો ચહેરો ઈશુદાન ગઢવી ખંભાળીયા બેઠક પરથી અને પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા કતારગામ બેઠક પરથી હારી ગયા છે. આ ઉપરાંત ચૂંટણી પહેલા જ પાસમાં પ્રવેશ લઈને ચૂંટણી લડનાર અલ્પેશ કથિરીયા વરાછા રોડ બેઠક પરથી અને ધાર્મિક માલવીયા ઓલપાડ બેઠક પરથી હારી ગયા છે. આ ઉપરાંત હારી ગયેલા અન્ય ઉમેદવારોમાં આપના સુરત શહેરના પ્રમુખ મહેન્દ્ર નાવડીયા અને પ્રદેશના સંગઠન મંત્રી મનોજ સોરઠીયાનો પણ સમાવેશ થાય છે. મહેન્દ્ર નાવડીયા સુરત ઉત્તર બેઠક પરથી અને મનોજ સોરઠીયા કરંજ બેઠક પરથી હારી ગયા છે. બીજી તરફ જે ઉમેદવારો જીતા ગયા તેમાં બોટાદ બેઠક પરથી ઉમેશ મકવાણા, ગારિયાધાર બેઠક પરથી સુધીર વાઘાણી, જામજોધપુર પરથી હેમંત ખવા, વિસાવદર બેઠક પરથી ભૂપત ભાયાણી અને ડેડીયાપાડા બેઠક પરથી ચૈતર વસાવાનો સમાવેશ થાય છે.

# 12 ડિસેમ્બરે બપોરે 2 વાગ્યે ગાંધીનગરમાં સચિવાલયના હેલીપેડ ગ્રાઉન્ડમાં શપથ વિધી

**પીએમ** નરેન્દ્ર મોદી તથા કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ તથા જે.પી.નડ્ડા હાજર રહેશે



ગાંધીનગર : આજે ભાજપને 157 બેઠકો મળ્યા બાદ બપોરે સીએમ ભૂપેન્દ્ર પટેલ ભાજપના ગાંધીનગરના કમલમ કાર્યાલય પહોંચ્યા હતા. પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલે ભૂપેન્દ્ર પટેલને મીઠાઈ ખવડાવીને મોં મીઠુ કરાવ્યું હતું.

પાટીલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, તા.12મી ડિસે.ના રોજ બપોરે 2 વાગ્યે ગાંધીનગરમાં સચિવાલયની અંદર હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે શપથ વિધી યોજાશે. જેમાં પીએમ નરેન્દ્ર મોદી તથા કેન્દ્રિય ગૃહ પ્રધાન અમીત શાહ તથા ભાજપની કેન્દ્રિય નેતાગીરી પણ હાજર રહેશે. સીએમ ભૂપેન્દ્ર પટેલની સાથે મંત્રીમંડળના સભ્યો પણ શપથ લેશે. આવતીકાલે ભાજપના વિધાનસભા પક્ષની બેઠક મળશે, જેમાં ભાજપના વિધાનસભા પક્ષના નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરતો ઠરાવ પસાર કરાશે. તે પછી ભાજપનું એક પ્રતિનિધિમંડળ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળવા જશે. અહીં ભાજપની નેતાગીરી દ્વારા નવા નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરતો પત્ર સુપરત કરશે, ત્યાર બાદ રાજ્યપાલ દ્વારા ભાજપને સરકાર રચવા આમંત્રણ આપવામાં આવશે.

## ગુજરાતમાં જીતેલા ચાર અપક્ષો કોણ ?

ગાંધીનગરઃ ગુજરાતમાં ભાજપને 156 , કોંગીને 17 તથા આપને 5 અને ચાર અપક્ષો જીત્યા છે. ચાર અપક્ષોમાં ખાસ કરીને બાયડ બેઠક પર ધવલસિંહ ઝાલા , ધાનેરા બેઠક પર માવજી દેસાઈ , વાઘોડિયા બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલા તથા કુતીયાણા બેઠક પરથી કાંધળ જાડેજા ( એસપી ) નો વિજય થયો છે. ઉલ્લેખનીય છે કે માવજી દેસાઈ તથા ધવલસિંહ ઝાલા તો ભાજપના જ બળવાખોર ઉમેદવારો હતા. જે હવે વિજયી બન્યા છે.

## ઈવીએમમાં ચેડાના આક્ષેપ સાથે કોંગ્રેસના ગાંધીધામના ઉમેદવાર ભરતસિંહ સોલંકીનો આપઘાતનો પ્રયાસ

ગાંધીનગરઃ કચ્છમાં ગાંધીધામના કોંગીના ઉમેદવાર ભરતસિંહ સોલંકીએ આજે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આજે સવારે જયારે મત ગણતરી શરૂ થઈ તે વખતે ઈવીએમની સાથે ચેડાં થયાં છે તેવો આક્ષેપ કરીને તેમણે અચાનક ગળે પહેરેલો ખેસ ગળેથી વધારે કસીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ તબક્કે તેમને કોંગીના કાર્યકરો પકડી રાખ્યા હતાં. જેના કારણે ખેસથી ગળે ટૂંપો ખાવાનો પ્રયાસ થઈ શકયો નહોતો. એટલામાં પોલીસ અધિકારીઓ પણ ત્યાં દોડી આવ્યાં હતાં. વહીવટી તંત્રના સીનીયર અધિકારીઓએ પણ તેમને સમજાવ્યા હતાં. આ બેઠક પર ભાજપના માલતી મહેશ્વરી ચૂંટણી લડી રહ્યાં છે.

## કોંગ્રેસના હારેલા દિગ્ગજ

(1) પરેશ ધાનાણી
(2) પ્રતાપ દૂધાત
(3) લલિત વસોયા
(4) લલિત કગથરા
(5) અમીબેન યાજ્ઞિક
(6) વિક્રમ માડમ
(7) ઈન્દ્રનિલ રાજયગુરૂ
(8 ) અશ્વિન કોટવાલ
(9 ) ગ્યાસુદ્દિન શેખ
(10) પૂજાભાઈ વંશ
(11) આનંદ ચૌધરી
(12) પુનાભાઈ ગામીત

## 2017માં કેસરી રંગ ઓછો દેખાતો હતો અને 2022માં ગુજરાત કેસરિયું




# ગુજરાતમાં નાનકડી સફળતા સાથે આપ પક્ષ હવે રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો મેળવશે

**કેજરીવાલનો** આમ આદમી પક્ષ હવે ચાર રાજ્યોમાં માન્યતા ધરાવતો પક્ષ બની ગયો છે તે સાથે જ તે રાષ્ટ્રીય પક્ષ બનવાના ધારાધોરણો સંતોષે છે




નવી દિલ્હી, તા. ૮ઃ અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આમ આદમી પાર્ટી(આપ)ને ગુજરાતમાં માત્ર પાંચ બેઠકો મળી રહી હોવાના સંકેતો છે પણ આ નાની સફળતા પણ આ પક્ષ માટે મહત્વની બની રહી છે કારણ કે ટેકનીકલ ધારાધોરણો મુજબ ગુજરાતમાંની તેની આ સફળતા સાથે જ તેને એક રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા મળી જઇ શકે છે.

રાષ્ટ્રીય પક્ષ તેને કહેવામાં આવે છે જેની રાષ્ટ્રીય કક્ષાએ હાજરી હોય, જેનાથી વિપરીતે એક પ્રાદેશિક પક્ષ માત્ર એક ચોક્કસ રાજ્ય કે પ્રદેશ પુરતો મર્યાદિત હોય છે. રાષ્ટ્રીય પક્ષો સામાન્ય રીતે મોટા પક્ષો હોય છે - જેમ કે કોંગ્રેસ અને ભાજપ. જો કે કેટલાક નાના પક્ષો , જેમ કે સામ્યાવાદી પક્ષોને પણ રાષ્ટ્રીય પક્ષ તરીકેની માન્યતા મળી છે. રાષ્ટ્રીય પક્ષ સાથે કેટલોક ચોક્કસ દરજ્જો ભલે સંકળાયેલો હોય પરંતુ દર વખતે તે જરૂરી નથી કે રાષ્ટ્રીય પક્ષ હોય તેનો દેશભરમાં દબદબો હોય જ, જેમ કે સામ્યવાદી પક્ષોનો દેશભરમાં દબદબો નથી. બીજી બાજુ કેટલાક રાજકીય પક્ષો એવા પણ છે કે જેઓ એક મોટા રાજ્યમાં પ્રભુત્વ ધરાવે છે - જેમ કે ડીએમકે તમિલનાડુમાં, બીજેડી ઓડિશામાં, વાયએસઆર કોંગ્રેસ પાર્ટી આંધ્રપ્રદેશમાં, રાજદ બિહારમાં અને ટીઆરએસ તેલંગાણામાં. આ પક્ષો રાષ્ટ્રીય કક્ષાના રાજકારણમાં પણ મહત્વનો ભાગ ભજવે છે પરંતુ તેમ છતાં તેઓ પ્રાદેશિક પક્ષોનો જ દરજ્જો ધરાવે છે.

## રાષ્ટ્રીય કક્ષાનો પક્ષ ક્યારે બને?

**ભા**રતના ચૂંટણી પંચની હેન્ડબૂક મુજબ કોઇ રાજકીય પક્ષને ત્યારે રાષ્ટ્રીય કક્ષાનો પક્ષ ગણવામાં આવશે જ્યારે તે નીચેના ધોરણો સંતોષતો હોય.

૧. તેને ચાર અથવા વધુ રાજ્યોમાં માન્યતા હોય, અથવા
૨. જો તેના ઉમેદવારો કોઇ પણ ચાર અથવા વધુ રાજ્યોમાં લોક સભા અથવા વિધાનસભા ચૂંટણીઓમાં કુલ માન્ય મતોના ઓછામાં ઓછા ૬ ટકા મત મેળવ્યા હોય અને છેલ્લી લોકસભા ચૂંટણીમાં ઓછામાં ઓછા ચાર સાંસદો લોકસભામાં ગયા હોય, અથવા
3. લોક સભાની ચૂંટણીમાં ત્રણ રાજ્યો કરતા ઓછા નહીં તેટલા રાજ્યોમાં લોક સભાની જે તે રાજ્યની કુલ બેઠકોની ઓછામાં ઓછી બે ટકા બેઠકો જીતી હોય.

કોઇ રાજ્યમાં પક્ષને માત્યતા મળેલી ત્યારે ગણાય જ્યારે તેને ગત વિધાનસભા ચૂંટણીમાં ઓછામાં ઓછો ૬ ટકા વોટ શેર મળ્યો હોય અથવા ઓછામાં ઓછા બે ધારાસભ્યો હોય, અથવા રાજ્ય વિધાનસભામાં કુલ બેઠકોના ઓછામાં ઓછી 3 ટકા બેઠકો અથવા 3 બેઠકો, જે વધુ હોય તે ધરાવતો હોય. આપ પક્ષ બે રાજ્યો દિલ્હી અને પંજાબમાં સ્પષ્ટ બહુમતિ સાથે સત્તા ધરાવે છે જ્યારે ગોવા વિધાનસભાની ચૂંટણીમાં તેને ૬.૭૭ ટકા મતો મળ્યા હતા અને હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેને ૧૩ ટકા જેટલા મતો મળી ગયા છે અને પાંચ ધારાસભ્યો પણ મળી શકે છે તે સાથે જ તે ચાર રાજ્યોમાં માન્યતા ધરાવતા પક્ષ બનવાની સાથે રાષ્ટ્રીય પક્ષ બની જશે.

# 'લાઈટ બિલ ભરી દેજો', ભાજપ જીતતા જ સોશિયલ મીડિયામાં રમૂજી પોસ્ટ

સુરત : ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખીયા જંગનું પરિણામ જાહેર થતાની સાથે જ સ્પષ્ટ થઇ ગયું હતું કે, ગુજરાતની જનતાએ ત્રીજો પક્ષ ક્યારેય સ્વીકાર્યો જ નથી. ભાજપે ગુજરાતમાં બહુમતથી જીત મેળવી છે. આ સાથે જ સોશિઅલ મીડિયા પર કોમેન્ટ્સ અને મીમ્સ વાયરલ થવા માંડ્યા હતા. મોદી મેજીકનું બુલડોઝર ફરી વળ્યું હતું.

**'હેલો, પેલા ભાજપના રિસાયેલા ફૂવાઓ ક્યાં ગયા?'**

**~~"આપ લોગ રોના બંધ કરીયે મેરે તક~~**
**આવાજ આ રહી હૈ**
**પરમનેન્ટ હું સર**
**~~આઈ ડોન્ટ હેક EVM નહીન આઈ હેક હાર્ટ્સ~~**








Raastaa Saaf Karo......Modiji Aa Rahe Hain.










# ગુજરાતમાં એક્ઝિટ પોલ્સ કેટલા સાચા પડ્યા?

**(ભાજપને જંગી બહુમતી મળશે, કોંગ્રેસ બીજા સ્થાને અને આપ સિંગલ ડીજિટ સાથે ત્રીજા સ્થાને આવશે તેવી તમામ એક્ઝિટ પોલની આગાહી સાચી પડી છે પરંતુ બેઠકોના આંકડાની બાબતમાં લગભગ તમામ એક્ઝિટ પોલ ખોટા પડ્યા છે, માત્ર બે પોલ પરિણામોના આંકડાની કંઈક નજીક રહ્યા છે)**

નવી દિલ્હી, તા. ૮ઃ પાંચમી તારીખે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન પુરું થયા બાદ વિવિધ એક્ઝિટ પોલ્સના તારણો બહાર પડ્યા હતા જેમાં લગભગ તમામ એક્ઝિટ પોલ્સના તારણો ગુજરાતમાં ભાજપને સ્પષ્ટ અને જંગી બહુમતિ દર્શાવતા હતા અને કોંગ્રેસને બીજુ તથા આપને ત્રીજુ સ્થાન બતાવતા હતા અને આપ પક્ષ બે આંકડાની બેઠકો સુધી નહીં પહોંચી શકે તેવી આગાહી કરતા હતા, તે રીતે જોઈએ તો તમામ એક્ઝિટ પોલ્સ સાચા પડ્યા છે પરંતુ બેઠકોના આંકડાની રીતે જોઈએ તો બે જેટલા એક્ઝિટ પોલ્સ સિવાય તમામ એક્ઝિટ પોલ્સ ખોટા પડ્યા છે. અને આ બે એક્ઝિટ પોલ્સ પણ ભાજપને મળેલી બેઠકોના આંકડાની નજીકનો આંકડો બતાવે છે, ૧૫૫ કરતા વધુ બેઠક ભાજપને મળશે તેવી આગાહી તો કોઈ એક્ઝિટ પોલે કરી ન હતી.

ગુજરાત વિધાનસભા માટે મોટા ભાગના એક્ઝિટ પોલ્સ ભાજપને ૧૨૦થી ૧૪૫ જેટલી બેઠકોની આગાહી કરતા હતા જ્યારે આજ તક-એક્સિસ માય ઈન્ડિયા પોલ ભાજપને ૧૨૯-૧૫૧ બેઠકો દર્શાવતું હતું, કોંગ્રેસને ૯થી ૨૧ બેઠકોની આગહી કરતું હતું અને આપને ૨થી ૬ બેઠકોની આગાહી તેણે કરી હતી. ટુડેઝ ચાણક્ય એક્ઝિટ પોલ દ્વારા ભાજપને ૧૫૦ બેઠકોની, કોંગ્રેસને ૧૯ અને આપને ૧૧ બેઠકોની આગાહી કરવામાં આવી હતી. આ બંને પોલ્સની બેઠકોની આગાહી પરિણામોના આંકડાની કંઈક નજીક જણાય છે પરંતુ તેમાં પણ ચાણક્યએ આપને વધારે પડતી બેઠકોની આગાહી કરી દીધેલી જણાય છે.